મુગલીસરામાં આઈપી મિશન સ્કૂલ પાસે ફ્લશિંગ દરમિયાન રસ્તો બેસી ગયો

તાપીપુરાના રસ્તા પણ તકલાદી

મુખ્ય પાણીની લાઈનમાં સફાઈ કામગીરી દરમિયાન રોડ ધસી પડ્યો

થોડા દિવસ પહેલાં વરિયાવી બજારમાં પણ આવી જ ઘટના બની હતી



સુરતઃ તાપીપુરા નજીક આઈ.પી. મિશન સ્કૂલ પાસે પાણીની લાઈનમાં ફ્લશિંગ દરમિયાન રસ્તાનો એક ભાગ ધસી પડતા આસપાસના લોકોમાં પણ દોડધામ મચી હતી. નોંધપાત્ર બાબત એ છે કે ત્રણ-ચાર દિવસ પહેલાં જ આ જ વિસ્તારમાં વરિયાવી બજાર પાસે પાણીની લાઈનમાં ફ્લશિંગની કામગીરી દરમિયાન રસ્તો બેસી જવાની ઘટના બની હતી. સતત ટૂંકા ગાળામાં ફ્લશિંગ દરમિયાન રસ્તો બેસી જવાની બે ઘટનાઓ સામે આવતા મનપાની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

આઈ.પી. મિશન સ્કૂલની સામે મનપા દ્વારા પાણીની ટાંકી બનાવવામાં આવી છે. કોટ વિસ્તારના કેટલાક વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી મળવાની સમસ્યાને દૂર કરવા માટે આ ટાંકીમાંથી હવે પાણીની સપ્લાય શરૂ કરવાની કામગીરી હાથ ધરાઈ રહી છે. તેના ભાગરૂપે મુખ્ય પાણીની લાઈનની સફાઈ માટે હાલ ફ્લશિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે, ફ્લશિંગ દરમિયાન રસ્તો બેસી જવાની ઘટનાને પગલે પાણીની લાઈનોની સ્થિતિ અને કામગીરીની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થયા છે. વારંવાર એક જ વિસ્તારમાં આવી ઘટનાઓ બનતી હોવાથી મનપાના પાણી વિભાગે ફ્લશિંગ અને રસ્તાની નીચેની લાઈનોની સ્થિતિ અંગે તકેદારી રાખવી જરૂરી બની છે.

સુરતમાં ભૂવા પડવાનો સિલસિલો

1. ઉધના-નવસારી રોડ પર ભુવો (સપ્ટેમ્બર 2026):
ઉધના-નવસારી માર્ગ પર ભારે વરસાદને કારણે ડામર રોડ ધસી પડ્યો હતો. ગટરનું ચેમ્બર તૂટી જવાથી રસ્તાની વચ્ચે મોટો ભુવો પડ્યો હતો, જેના લીધે વ્યસ્ત કલાકો દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

2. વેસુ કેનાલ રોડ પર ભુવો (ઓગસ્ટ 2026):
સુરતના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં નવ-નિર્મિત વેસુ કેનાલ રોડ પર અચાનક એક મોટો ભુવો પડી ગયો હતો. આ નવો બનેલો રોડ બેસી જતાં સ્થાનિક રહીશોએ રોડ કોન્ટ્રાક્ટરની કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

3. સુરત રિંગ રોડ પર ભુવો (જુલાઈ 2026):
સુરતના અત્યંત વ્યસ્ત અને હાર્દ સમાન રિંગ રોડ પર રસ્તાની વચ્ચે મોટો ભુવો પડી ગયો હતો. ભરચક વાહનવ્યવહાર ધરાવતા આ મુખ્ય માર્ગ પર ભુવો પડવાને કારણે અકસ્માતનું મોટું જોખમ ઊભું થયું હતું અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી.

4. ડિંડોલી વિસ્તારમાં ભુવો અને વોટર ટેન્કર ફસાયું (જુલાઈ 2026):
ડિંડોલીના મુખ્ય ચાર રસ્તા પાસે રસ્તાનો મોટો ભાગ અચાનક ધસી પડ્યો હતો. આ ભુવામાં પાણી ભરેલું એક મોટું ટેન્કર ફસાઈ ગયું હતું, જેને ક્રેનની મદદથી બહાર કાઢવા માટે પાલિકા તંત્રને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

5. મોટા વરાછા વિસ્તારમાં આખો રોડ બેસી ગયો (જૂન-જુલાઈ 2026):
ચોમાસાની શરૂઆતમાં જ મોટા વરાછા વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાખ્યા બાદ સરખી રીતે ન પુરાયેલો આશરે 400 મીટરનો રોડ બેસી ગયો હતો. અહીં રસ્તા પર વિશાળ ભુવાઓ પડતાં કાર અને એક આખો ટ્રક તેમાં ખૂંપી ગયા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા.

૪ મહિનાથી ફરાર ખંડણીખોર રામ ઝાલા પકડાયો

સુરતઃ ધાકધમકીના ગુનામાં ફરાર આરોપીને સલાબતપુરા પોલીસે ભાઠેના વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. ચાર મહિના પહેલાં ઉધના પોલીસ સ્ટેશનમાં આરોપી રામ ભૂપેન્દ્રસિંહ ઝાલા (ઉં.વ. ૨૨, રહે, પંચશીલ નગર, ઉમિયા માતાના મંદિર પાસે, ભાઠેના, સલાબતપુરા, સુરત; મૂળ રહે. અડવાળ, તા. ધંધૂકા, જી. અમદાવાદ) સામે ઉધના પોલીસ સ્ટેશમાં મારામારી અને ધાકધમકીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદથી જ તે ફરાર હતો. દરમિયાન સલાબતપુરા પીઆઈના નેતૃત્વમાં પીએસઆઈ અને સર્વેલન્સ સ્ટાફના માણસો વિસ્તારમાં સઘન ચેકિંગ અને પેટ્રોલીંગમાં હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ભૂપેન્દ્રભાઈ નાનુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ વિશાલકુમાર અરવિંદભાઈને મળેલી સંયુક્ત અને આધારભૂત બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો. પોલીસે આ ગુનામાં તેની પૂછપરછ હાથ ધરી છે, તેમજ અન્ય ગુનામાં સામેલ છે કે કેમ તેની તપાસ હાથ ધરી છે.

સાયબર ફ્રોડના નાણાંથી સોનાની રિંગ ખરીદી ને ટોળકી પકડાઇ ગઇ

જ્વેલર્સ એસો.ના પ્રમુખની દુકાને પોરબંદરની ટોળકીએ ઓનલાઈન 69 હજારનું પેમેન્ટ કર્યું હતું

કર્ણાટક, તેલંગાણાની પોલીસે જ્વેલર્સની રકમ ફ્રિઝ કરી, ટોળકી પકડાયા બાદ સાયબર સેલે ગુનો નોંધ્યો

સુરતઃ કતારગામ-વેડ રોડ જ્વેલર્સ એસો.ના પ્રમુખના અરિહંત જ્વેલર્સમાં સાયબર ફ્રોડના નાણાંથી સોનાની રિંગ ખરીદનાર પોરબંદરની ટોળકીને સાયબર સેલએ પકડી પાડી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, કાપોદ્રા સ્થિત મમતા પાર્ક સોસાયટીમાં રહેતા અને વરાછા મેઇન રોડ પર સ્ટર્લિંગ પોઇન્ટ, હંસ સોસાયટી કોર્નર ખાતે અરિહંત જ્વેલર્સના નામે સોના-ચાંદીનો વેપાર કરતાં પ્રતાપભાઈ ચોડવડિયાની દુકાને ગત 19 ઓગસ્ટના રોજ પોરબંદરનો દિવ્યેશ જમનગીરી મેઘનાથી રિંગ ખરીદવા આવ્યો હતો. 18 કેરેટની 5.520 ગ્રામ વજનની રૂ.74 હજારની રિંગ પસંદ કરી રૂ.5 હજાર રોકડા આપી બુકિંગ કરાવ્યું હતું અને 21 ઓગસ્ટના રોજ રિંગ લઈ જવાનું નક્કી થયું હતું. નક્કી કરેલી તારીખે સાંજે આશરે પાંચ વાગ્યે દિવ્યેશ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સાથે દુકાને આવ્યો હતો. રિંગની બાકીની રૂ.69 હજારની રકમ ચૂકવવા માટે એક અજાણ્યા શખ્સે પોતાના મોબાઇલથી UPI સ્કેન કરીને જ્વેલર્સના વરાછા કો-ઓપરેટિવ બેંકના ખાતામાં ઓનલાઇન પેમેન્ટ કર્યું હતું. વેપારીને સમગ્ર મામલે 5 સપ્ટેમ્બરના રોજ જાણ થઈ હતી, જ્યારે બેંક તરફથી ઇ-મેઇલ મળ્યો હતો કે કર્ણાટકમાં થયેલા સાયબર ફ્રોડને કારણે તેના બેંક ખાતામાં રૂ. 69 હજારની રકમ ફ્રીજ કરવામાં આવી છે. બેંક ખાતાની તપાસ કરતાં વેપારીને જાણવા મળ્યું કે દિવ્યેશ અને તેની સાથે આવેલા શખ્સોએ રિંગ ખરીદવા માટે ચૂકવેલી રૂ.69 હજારની રકમ સાયબર ફ્રોડના નાણાં સાથે સંકળાયેલી હતી. પરિણામે અન્ય રાજ્યોના ભોગ બનનારાઓની ફરિયાદોના આધારે તેમના બેંક ખાતામાં કુલ રૂ.30,740.50ની રકમ ફ્રિઝ થઈ હતી. આથી પ્રતાપભાઈ ચોડવડિયાએ પોલીસે પકડ્યા બાદ સોનાની રિંગ ખરીદનાર દિવ્યેશ જમનગીરી મેઘનાથી, તેની સાથે આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વેડ રોડની લક્ષ્મી ડેરી એન્ડ સ્વીટ અને પારસ નજીકની રાધે રેસ્ટોરન્ટને દંડ

ગંદકી અને અખાદ્ય ખોરાકના મામલે 5 સંસ્થા સામે કાર્યવાહી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનમાં આરોગ્ય વિભાગ દ્વારા ખાણીપીણીની દુકાનો અને સંસ્થાઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગની ટીમે કુલ 23 સંસ્થાની તપાસ કરી હતી.કતારગામ ઝોનના પારસ વોર્ડમાં સમાવિષ્ટ રાધે રેસ્ટોરન્ટમાં ચેકિંગ દરમિયાન ગંદકી સહિતની ખામીઓ જણાતા મનપા દ્વારા 5,000નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે વેડ રોડ પર અખંડઆનંદ કોલેજ નજીક આવેલી લક્ષ્મી ડેરી એન્ડ સ્વીટ્સમાં પણ ગંદકી તેમજ અખાદ્ય ખોરાકના મામલે કાર્યવાહી કરવામાં આવી હતી. ડેરીને 3,000નો દંડ ફટકારવાની સાથે નોટિસ પણ આપવામાં આવી હતી.

મહિનાથી ચેકિંગ છતાં સ્વચ્છ ફૂડ મળતું નથી

સુરત : સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં શહેરના તમામ ઝોનમાં રેસ્ટોરન્ટ અને ખાદ્ય પદાર્થોના ઉત્પાદન-વેચાણ સાથે સંકળાયેલી સંસ્થાઓમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મનપાની ટિમ દ્વારા 87 સ્થળે ચેકિંગ કરી 1.09 લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો. સુરત મહાનગર પાલિકામાં આરોગ્ય વિભાગની ટીમોએ કુલ 87 રેસ્ટોરન્ટની તપાસ કરી હતી. તપાસ દરમિયાન પરિસરની સ્વચ્છતા, કિચનનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વપરાતા પાણીની ગુણવત્તા, રો-મટીરીયલની ગુણવત્તા, કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતા તેમજ તેમના ફિટનેસ સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન નિયમોનું પાલન નહીં કરતી સંસ્થાઓને કુલ 32 નોટિસ આપવામાં આવી હતી, જ્યારે શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના કુલ 25 જેટલા નમૂના લેવામાં આવ્યા હતા. વિવિધ ઝોનમાં મળેલા અયોગ્ય ખાદ્ય જથ્થાનો પણ નાશ કરવામાં આવ્યો હતો. મનપાએ રેસ્ટોરન્ટ સંચાલકોને કિચન વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવી તેનું લાઈવ પ્રસારણ ગ્રાહકોની બેઠક વ્યવસ્થા ધરાવતા વિસ્તારમાં જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવા પણ સૂચના આપી હતી. સમગ્ર કામગીરી દરમિયાન મનપા દ્વારા કુલ રૂ.1,09,700નો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ચેકિંગ દરમિયાન અન્ય ત્રણ સંસ્થાઓમાં પણ નિયમોના ભંગ બદલ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન કુલ 5 સંસ્થા પાસેથી 12,500નો દંડ વસૂલવામાં આવ્યો છે.

નવરાત્રિમાં વિશેષ સંયોગ ૧૯મીએ એક જ દિવસે દુર્ગાષ્ટમી અને મહાનવમી

નવરાત્રિનો ૧૧ ઓક્ટોબરે ઘટસ્થાપનાથી પ્રારંભ, ૨૦મીએ વિજયાદશમી

સુરત : આ વર્ષે શારદીય નવરાત્રિમાં તિથિઓનો વિશેષ સંયોગ જોવા મળશે. તા. ૧૧ ઓક્ટોબર, રવિવારથી શારદીય નવરાત્રિનો પ્રારંભ થશે અને આ જ દિવસે આસો સુદ ૫ડવો તથા ઘટસ્થાપના (નવરાત્રિના પ્રથમ દિવસે કલશની સ્થાપના)નું પર્વ રહેશે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન માતાજીના વિવિધ સ્વરૂપોની આરાધના સાથે શહેરમાં ગરબાની રમઝટ પણ જામશે. આ વર્ષની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે ૧૯ ઓક્ટોબર, સોમવારે દુર્ગાષ્ટમી અને મહાનવમી બંનેનો સંયોગ બનશે. પંચાંગ પ્રમાણે અષ્ટમી તિથિ ૧૯ ઓક્ટોબરે સવારે ૧૦.૫૧ વાગ્યા સુધી રહેશે અને ત્યારબાદ નવમી તિથિ શરૂ થશે. નવમી ૨૦ ઓક્ટોબરે બપોરે ૧૨.૫૦ વાગ્યા સુધી રહેશે. જેના કારણે એક જ દિવસે અષ્ટમી અને નવમીના ધાર્મિક અનુષ્ઠાનોનું મહત્ત્વ રહેશે. નવરાત્રિ દરમિયાન ૧૭ અને ૧૮ ઓક્ટોબરે સપ્તમી તિથિનો પણ વિશેષ સમયગાળો રહેશે. ત્યારબાદ ૧૯મીએ અષ્ટમી-નવમીનો સંયોગ અને ૨૦ ઓક્ટોબરે મંગળવારે વિજયાદશમી સાથે નવરાત્રિનું સમાપન થશે.

મોત પહેલાંના એક્સ-રેમાં દેખાતું સોનાનું પેન્ડન્ટ મોત બાદ ગાયબ!

સિવિલ હોસ્પિટલમાં માતા મૃતક દીકરીને પકડીને રડતાં મંગળસૂત્ર તૂટેલું નજરે પડ્યું, આક્ષેપ સાથે પરિવારનો હોબાળો



સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મહિલાનું મોત થયા બાદ તેના મૃતદેહ પરથી મંગળસૂત્રનું સોનાનું પેન્ડન્ટ ગાયબ હોવાનું બહાર આવતા ભારે હોબાળો મચ્યો હતો. મૃતકની માતાએ મૃતદેહને પકડીને રડતી વખતે મંગળસૂત્ર તૂટેલું અને તેના કાળા રંગના મણકા તથા બિંદીઓ બેડ પર વેરાયેલી જોયા બાદ પરિવારજનોને જાણ કરી હતી. સોનાનું પેન્ડન્ટ ગાયબ હોવાનું જણાતાં પરિવારે હોસ્પિટલમાં રોષ વ્યક્ત કર્યો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની સીમાબેન રાજેન્દ્રભાઈ પાટીલ (ઉં.વ.40) હાલ નવાગામ-ડિંડોલી વિસ્તારમાં આવેલા જયેશનગરમાં પરિવાર સાથે રહેતા હતા. સીમાબેનને લાંબા સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની બીમારી હતી. આજે સવારે ઘરે તેમની તબિયત અચાનક લથડતાં પરિવારજનો દ્વારા 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલની ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ સીમાબેનને કિડની બિલ્ડિંગના 5-C વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરજ પરના તબીબે એક્સ-રે કરાવવા માટે વર્ગ-4ના મહિલા કર્મચારી સાથે તેમને નીચે મોકલ્યા હતા. એક્સ-રે કરાવ્યા બાદ સીમાબેનને પરત વોર્ડમાં લઈ જવામાં આવી રહ્યા હતા. દરમિયાન રસ્તામાં જ તેમની તબિયત વધુ લથડતાં મોત થયું હતું. સીમાબેનના મોતના સમાચાર મળતાં તેમની માતા પ્રેમીલાબેન મૃતદેહને પકડીને રડવા લાગ્યા હતા.

આ દરમિયાન તેમની નજર સીમાબેનના ગળા તરફ જતાં મંગળસૂત્રમાંથી સોનાનું પેન્ડલ ગાયબ હોવાનું જણાયું હતું. જ્યારે મંગળસૂત્રના કાળા રંગના મણકા અને બિંદીઓ બેડ ઉપર વેરાયેલી જોવા મળી હતી. તેમજ છેલ્લા પડાવેલા એક્સ રે જોતા તેમાં મંગળસૂત્રનું પેન્ડલ હોવાનું જોવા મળ્યું હતું. આથી પ્રેમીલાબેને પરિવારજનોને જાણ કરતાં પરિવારજનો હોસ્પિટલમાં એકત્ર થયા હતા અને પેન્ડન્ટ અંગે હોબાળો મચાવ્યો હતો.

સુરતનાં વકીલોએ ગુજરાત ભાડા વિધેયકની હોળી કરી

સુરતઃ ગત્ તા.૩૦મીથી ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ની સામે આંદોલન શરૂ કરનાર સુરતનાં વકીલોએ આજે વધુ આક્રમકતા સાથે કોર્ટ સંકુલના ગેટ પાસે સૂત્રોચ્ચાર સાથે વિધેયકની હોળી કરી હતી. આજે સવારે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, મયુર પટેલ, યતીન ઢાકેચા, બીસીજી સભ્ય ઝકી શેખ, પ્રિતીબેન જોષી, હરેશ નાકરાણી, હિરલ પાનવાલા, હિતેષ પટેલ, ભાવેશ રબારી, સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ સહિત મોટી સંખ્યામાં વકીલો કોર્ટના પ્રવેશદ્વાર પાસે વિરોધ પ્રદર્શન કરી તમામ પક્ષકારોને પરત મોકલતા હતા. દરમિયાન આજે ૧૧-૩૦ કલાકે સુરત જિલ્લા વકીલ મંડળે ગુજરાત ભાડા વિધેયકની હોળી કરી આ વિધેયક પાછું નહીં ખેંચાશે તો આ આંદોલનને વધુ આક્રમકતાથી આગળ ધપાવવા મન મનાવી લીધું છે. આજે પણ વકીલોની હડતાળને પગલે કોર્ટ કામકાજ પર વ્યાપક અસર થઈ હતી.

CA રવિ છાવછરિયાની 'CA STARS' પહેલથી ગરીબ ઘરના ૨૩૫ વિદ્યાર્થીઓ CA બન્યા

ફેક્ટરી કામદાર, ખેડૂત, રિક્ષાચાલક અને સિક્યોરિટી ગાર્ડના સંતાનોને ચાર વર્ષનું CA શિક્ષણ

સુરતઃ ગુજરાતમાં શરૂ થયેલી એક અનોખી પહેલ આજે દેશભરના આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવી રહી છે. સુરતના CA રવિ છાવછરિયા દ્વારા સંચાલિત CA STARS એક એવી વિશેષ પહેલ છે, જે દર વર્ષે 160 થી વધુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સંપૂર્ણપણે નિ:શુલ્ક CA શિક્ષણ પૂરું પાડે છે. CA STARS અંતર્ગત CA નું સંપૂર્ણ શિક્ષણ જે ૪ વર્ષ નું છે એ વર્ષે 40 થી વધુ વિદ્યાર્થીઓને સિલેક્ટ કરી વ્યાપક સહાય પૂરી પાડવામાં આવે છે. આ પહેલની નોંધપાત્ર સિદ્ધિ એ છે કે છેલ્લા ૬ વર્ષમાં CA STARS ના ૨૩૫ વિદ્યાર્થીઓ CA ફાઈનલ સુધી ની કઠિન પરીક્ષાઓ પાસ કરી CA બન્યા છે. આ પહેલ માત્ર નિ:શુલ્ક શિક્ષણ પૂરતી મર્યાદિત નથી. સુરત બહારથી પસંદગી પામીને આવતા વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા તેમજ અભ્યાસ માટે જરૂરી અન્ય સુવિધાઓ પણ નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ અત્યંત પડકારજનક અને સંઘર્ષમય પરિસ્થિતિમાંથી આવે છે અને પોતાના પરિવારના પ્રથમ પેઢીના શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ છે. તેમના માતા-પિતામાં કેટલાક ફેક્ટરીમાં કામ કરે છે, નાના ખેડૂત છે, ઓટો રિક્ષા ચલાવે છે, સિક્યોરિટી ગાર્ડ તરીકે કાર્ય કરે છે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને ગુમાવ્યા છે. CA રવિ છાવછરિયા આ સમગ્ર પહેલ કોઈપણ પ્રકારનું દાન કે બાહ્ય સહાય વગર સ્વબળે ચલાવે છે. આ વિદ્યાર્થીઓને સફળતા માટે જરૂરી શિક્ષણ, સુવિધાઓ અને માર્ગદર્શન પૂરું પાડીને CA રવિ છાવછરિયા માત્ર વ્યક્તિગત જીવનમાં પરિવર્તન લાવી રહ્યા નથી, પરંતુ દેશના આર્થિક અને સામાજિક વિકાસને પણ મજબૂત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે.

સાર્વજનિક લૉ કૉલેજમાં વિદ્યાર્થીને 'PSI' કહીને રેગિંગ કરવામાં આવ્યું

પરીક્ષાની તૈયારી દરમિયાન સહવિદ્યાર્થીઓએ ત્રાસ અને અભદ્ર વર્તન કરી મારી નાખવાની ધમકી આપી હોવાની આચાર્યને લેખિત ફરિયાદ

કૉલેજના વડા- શિક્ષકો અંગે પણ અભદ્ર ભાષાના આક્ષેપ

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ત્યારબાદ એક વિદ્યાર્થી ઉગ્ર થઈ ગયો હતો અને બૂમો પાડીને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાથે જ કોલેજના આચાર્ય તથા શિક્ષકો અંગે પણ અત્યંત અભદ્ર અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી તેમને પણ મારવાની ધમકી આપી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદી વિદ્યાર્થીનો એવો પણ આક્ષેપ છે કે, સંબંધિત ત્રણેય વિદ્યાર્થીઓ અવારનવાર કોલેજના રૂમ નં. ૭, ૮ અને ૯માં આવીને જોરજોરથી બૂમો પાડે છે અને પરીક્ષા દરમિયાન શાંતિથી અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને હેરાન-પરેશાન કરી દાદાગીરી કરતા હોવાની ફરિયાદ છે.

સુરતઃ સાર્વજનિક કૉલેજ ઓફ લૉમાં એલએલ.બી.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ સહવિદ્યાર્થીઓ સામે માનસિક ઉત્પીડન, રેગિંગ, અભદ્ર વર્તન તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગંભીર ફરિયાદ કૉલેજના આચાર્યને કરી છે. ફરિયાદ મુજબ, કૉલેજમાં તા. ૨૮ સપ્ટેમ્બરથી આંતરિક પરીક્ષાઓ શરૂ થઈ છે. તા. ૩૦ સપ્ટેમ્બરે સવારે આશરે ૧૧થી બપોરે ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન ફરિયાદી વિદ્યાર્થી રૂમ નં. ૮માં પરીક્ષાની તૈયારી માટે અભ્યાસ કરી રહ્યો હતો. તે દરમિયાન ત્રણ સહવિદ્યાર્થીઓ ક્લાસમાં આવ્યા હતા અને તેને ઉશ્કેરવાના ઈરાદાથી વારંવાર 'PSI PSI'કહીને બોલાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી વિદ્યાર્થી અગાઉ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસ્યો હતો, પરંતુ સફળ થયો નહોતો. આ બાબતને લઈને તેની મજાક ઉડાવી તેને ભાવનાત્મક રીતે ઠેસ પહોંચાડવાનો અને માનસિક રીતે પરેશાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. એક સહવિદ્યાર્થીએ ફરિયાદી સાથે જબરદસ્તી હાથ મિલાવવાનો પ્રયાસ કર્યો હતો.

ફરિયાદીએ હેરાન ન કરવા જણાવ્યું હતું. તેમ છતાં ત્રણેય વિદ્યાર્થીઓ તેની પાછળની બેન્ચ પર બેસી ગયા હતા અને સતત મજાક તથા ઉશ્કેરણી કરતા રહ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદી વિદ્યાર્થીએ તેમની પાસે જઈ શાંતિથી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, 'તારાથી જે થાય તે કરી લે'કહી ધમકી આપવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ટાટા સિએરા DARKનું પ્રીમિયમ અવતાર રજૂ કરાયું

સુરતઃ ટાટા પેસેન્જર કાર્સે પ્રતિષ્ઠિત સિએરા SUVનું વધુ બોલ્ડ અને વિશિષ્ટ Sierra DARK અવતાર રજૂ કર્યું છે. રૂ. 13.99 લાખથી શરૂ થતી આ SUVમાં સંપૂર્ણ કાળા રંગની બાહ્ય ડિઝાઇન સાથે પ્રીમિયમ વાયોલેટ એક્લિપ્સ ઇન્ટિરિયર અને વિશિષ્ટ પર્પલ ક્રોમ એક્સેન્ટ આપવામાં આવ્યા છે. ટાટા પેસેન્જર ઇલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના ચીફ કોમર્શિયલ ઓફિસર વિવેક શ્રીવત્સે જણાવ્યું કે DARK રેન્જ વિશિષ્ટ ડિઝાઇન પસંદ કરતા ગ્રાહકોમાં લોકપ્રિય બની છે.

બીઓબીના રિટાયર્ડ ઓફિસર્સ એસો.નું સ્નેહમિલન મળ્યું

સુરતઃ બેંક ઓફ બરોડા રિટાયર્ડ ઓફિસર્સ એસોસિએશન, સુરત રીજીયનનું બીજું ત્રિમાસિક સ્નેહમિલન તા. ૦૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ અડાજણ સ્થિત બદ્રીનારાયણ મંદિર ખાતે ઝોનલ પ્રેસિડન્ટ ભગવતીભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયું હતું. કાર્યક્રમમાં 3 માસમાં અવસાન પામેલા માટે મૌન પાળવામાં આવ્યું, 75 વર્ષ પુરા કરનાર 3 સભ્યોનું સન્માન કરાયું, એક સભ્યને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ઝોનલ સેક્રેટરી રાજેશ દાણી દ્વારા 3 માસની કામગીરીનો ચિતાર, ડે. જનરલ સેક્રેટરી એમ.એચ.પઠાણ દ્વારા ઓલ ઈન્ડિયા લેવલની કામગીરી રજૂ કરાઈ હતી. ઝોનલ પ્રેસિડેન્ટ ભગવતીભાઈપટેલે વિવિધ પોલિસી મુદ્દે માર્ગદર્શન આપ્યું. ડાંગ અને અંબિકા તાલુકાના જરૂરિયાતમંદ આદિવાસી વિદ્યાર્થીઓને MBBS પ્રથમ વર્ષમાં પ્રવેશ મળતારૂ. ૨,૭૫,૦૦૦ની ખૂટતી રકમ કોલેજ અને હોસ્ટેલ ફી પેટે ચૂકવવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં 100 જેટલા સભ્યો હાજર રહ્યા હતા. સંચાલન એનજી ભૂતવાલાએ કર્યું, આભારવિધી રમેશ મકવાણાએ કરી હતી.

સ્કૂલ-કોલેજ કેમ્પસ

જીડી ગોએન્કા સ્કૂલમાં સિનિયર કેજીમાં વાર્તાકથન સ્પર્ધા યોજાઇ

સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા સિનિયર કેજી શીખનારાઓ માટે એક આકર્ષક વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક બાળકે નોંધપાત્ર આત્મવિશ્વાસ દર્શાવ્યો અને ક્રિયાઓ, અભિવ્યક્તિઓ, અવાજ મોડ્યુલેશન અને આકર્ષક વર્ણન દ્વારા તેમની પસંદ કરેલી વાર્તાઓને જીવંત બનાવવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કર્યા. આ કાર્યક્રમનું નિર્ણાયક પેનલ પટેલ - લેખક અને વાર્તાકાર અને રેમ્યા કૃષ્ણન - અંગ્રેજી વિભાગના વડા હતા. જેમણે તમામ યુવા વાર્તાકારોના ઉત્સાહી ભાગીદારી અને પ્રશંસનીય પ્રયાસોની પ્રશંસા કરી. આ કાર્યક્રમ વાર્તા કહેવાના આનંદનો આનંદદાયક ઉજવણી હતો અને યુવાન વિદ્યાર્થીઓમાં વાતચીત, સર્જનાત્મકતા, કલ્પના અને સ્વ-અભિવ્યક્તિને પોષવા માટે શાળાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતો હતો.

ભગવાન મહાવીર યુનિ. માં સ્વ. જગદીશ જૈનની પ્રથમ પુણ્યતિથિએ સ્મૃતિસભા યોજાઇ

સુરત : ભગવાન મહાવીર યુનિવર્સિટીના સ્થાપક ચેરમેન સ્વ. જગદીશ જૈનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે યુનિવર્સિટી ખાતે સ્મૃતિસભાનું આયોજન કરાયું હતું. કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી સ્વ. જગદીશ જૈનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ટ્રસ્ટી ડો. સંજય જૈન અને અનિલ જૈને જણાવ્યું હતું કે સ્વ. જગદીશ જૈનના શિક્ષણ-સમાજસેવાના યોગદાનને યાદ કરવા સ્મૃતિસભાનું આયોજન કરાયું હતું.

ટીએમ પટેલ સ્કૂલમાં ગાંધી જયંતીએ પ્રી-પ્રાઇમરીના બાળકોએ યોજી રેલી

સુરતઃ ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલના પ્રી-પ્રાઇમરી વિભાગના વિદ્યાર્થીઓએ ગાંધી જયંતીની ઉજવણી અંતર્ગત શાળા પરિસરમાં રેલી યોજી હતી. વિદ્યાર્થીઓને દાંડીકૂચ, ગાંધીજીના ત્રણ વાંદરાના સંદેશ તેમજ સત્ય, અહિંસા અને સ્વચ્છતાના જીવનમૂલ્યો વિશે પ્રવૃત્તિઓ દ્વારા સમજ આપવામાં આવી હતી. શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે જણાવ્યું હતું કે, પ્રવૃત્તિ આધારિત શિક્ષણથી બાળકોને મૂલ્યો વધુ સરળતાથી સમજવામાં મદદ મળે છે.

શ્રી શંભુભાઇ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટનું ગૌરવ

સુરતઃ શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટમાં નર્મદ યુનિ. દ્વારા આયોજિત વિવિધ રમતગમત સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થી વહનાકીયા વિવેક, SYBCA ના વિદ્યાર્થીએ ઇન્ટર કોલેજ બોક્સિંગ સ્પર્ધા તેમજ રેસલિંગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. તેમજ કાકડીયા નિદીશ, TYBBAના વિદ્યાર્થીએ VNSGU Men's Weight Lifting Competitionમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. સુરત એજ્યુકેશન સોસાયટીના સહમંત્રી સનિલભાઇ વી. પટેલ, કોલેજના ઇન્ચાર્જ આચાર્ય સી.એચ. ઠક્કર તથા માર્ગદર્શક શારીરિક શિક્ષણના અધ્યાપક ડો. રૂતેશ આર. દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

સ્માર્ટ ગ્રીન હાઉસ પ્રોજેક્ટે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમ મેળવ્યો

સુરત : કતારગામ CRC-11/13/14/15ના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં કતારગામ બાલાશ્રમ સંચાલિત લોખંડવાળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રજૂ કરેલા 'સ્માર્ટ ગ્રીન હાઉસ' પ્રોજેક્ટને ચોથા વિભાગમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. આ પ્રોજેક્ટમાં ધોરણ-8ના વિદ્યાર્થીઓ નક્ષ રાજેશભાઈ પ્રજાપતિ અને જેનિક કલ્પેશભાઈ ચૌધરીએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય સંજયભાઈએ પ્રોજેક્ટ તૈયાર કરાવનાર માર્ગદર્શક શિક્ષિકા મેઘનાબેન, મદદરૂપ બનેલા શિક્ષિકા સંધ્યાબેન તથા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આગામી લેવલ માટે શુભેચ્છાઓ આપી હતી.